# ધોરણ – 11
# રાજ્યશાસ્ત્ર (023)
# અભ્યાસક્રમ સંરચના

શિક્ષણ એ સતત ચાલતી જીવંત પ્રક્રિયા છે. તે કોઈ બાંધિયાર વ્યવસ્થા નથી. કાળક્રમે સમાજજીવનમાં અને રાષ્ટ્રીય ફલક ઉપર જે કંઈ નવા આયામો, નવી સંકલ્પના અને સિદ્ધાંતો, ખ્યાલો, મૂલ્યોને અનુરૂપ ભારતનાં બધાં રાજ્યોમાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા બાળકોને સમાનરૂપે જાણવા, વિચારવા અને અભ્યાસ અર્થે મુલવવાની તક મળે તેવા આશયથી આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

રાજ્યશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ એક બૃહદ્ વ્યવસ્થા છે, તેને ઈતિહાસ સાથે સીધો ઘરોબો છે. ઉપરાંત દેશની વહીવટી વ્યવસ્થા અર્થકારણ સાથે પણ ચાણક્યનીતિ, વિદેશનીતિ ઉપરાંત, ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિથી વાકેફ થવા જરૂરી છે. નીતિશાસ્ત્ર સાથે રાજધર્મનું પાલન થાય, મૂલ્ય આધારિત રાજનીતિ, સમાજશાસ્ત્ર, સમાજનો અડધો અડધ હિસ્સો મહિલાઓના અધિકારો અંગે જાગૃતતા કેળવતી, સામાજિક, આર્થિક અને રાજકીય નિર્ણયઘડતરની પ્રક્રિયાથી સચેત બને તેવા શુભ આશયથી આ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આજનું બાળક આવતી કાલનો જાગૃત તેમજ જવાબદાર નાગરિક બને તેવા પ્રયાસો થવા જરૂરી છે. રાજ્યશાસ્ત્ર વિષયના અભ્યાસનો મુખ્ય હેતુ એ જ છે.

સમાજ, રાજ્ય, અને સરકાર વચ્ચેના સંબંધોનો પરિચય પામે તેમજ રાજ્યની ઉત્પત્તિ, વિકાસ, રાષ્ટ્રવાદ, સ્વતંત્રતા, લોકશાહી રાજ્યની રચના, બંધારણ અને લક્ષણો, મૂલ્યો, મૂળભૂત અધિકારો, ફરજો, ભારતીય સમવાય તંત્રનું માળખું, સરકારના અંગો, ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર રચના, સંબંધો, પંચાયતથી પાર્લામેન્ટ સુધીના વહીવટીતંત્રનો પૂર્ણ પરિચય પામે અને લોકશાહીમાં હાર્દરૂપ જનભાગીદારીની ભાવના વિકસે તેવા ઉમદા હેતુ આ અભ્યાસક્રમ પાછળ રહેલો છે.

**વિશિષ્ટ હેતુઓ :**

(1) રાજ્યશાસ્ત્ર એ શાસ્ત્રોનું પણ શાસ્ત્ર છે. તેનો અભ્યાસ નિર્ણયશક્તિને, ઈચ્છાશક્તિને બળવત્તર બનાવે છે. તેનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે છે.

(2) લોકશાહીના પાયાનાં અમૂલ્ય મૂલ્યો, સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાયથી વિદ્યાર્થી પરિચય પામે છે અને તેનાં મૂલ્યોના આત્મસાતીકરણ માટે આગળ આવે છે. જેથી સમાજમાં સહભાવનાનું એક વાતાવરણ બને છે.

(3) રાષ્ટ્રવાદ એ ત્યાગ, તપસ્યા અને બલિદાનની પરાકાષ્ટા છે. તેના થકી સ્વતંત્રતાનો માર્ગ મોકળો થયો છે. તેના સંદર્ભમાં આપણા નેતાઓએ જે ભોગ આપ્યો છે તેના જીવનકવનથી માહિતગાર થાય છે. બિનસાંપ્રદાયિકતા જે ભારતીય લોકશાહીનું હાર્દ તત્ત્વ છે તેના જતન માટે વિદ્યાર્થી સુસજ્જ થાય છે.

(4) હક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે તેમજ નાગરિકતા એ કોઈપણ રાષ્ટ્રની પાયાની ઈંટ છે. તેને મેળવવાની અને તેને ગુમાવવાની પ્રક્રિયાથી વિદ્યાર્થી વાકેફ થાય.

(5) ભારતનું બંધારણ દુનિયાનું સૌથી મોટું લેખિત બંધારણ છે. તેના પાયામાં અનેકતામાં એકતા તે ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાને કારણે બન્યું છે. તેનાથી વાકેફ થવા ઉપરાંત ભારતીય લોકશાહી સ્થિતિસ્થાપક નથી પરંતુ સતત જીવંત પ્રક્રિયા છે તેની પ્રતીતિ બંધારણીય સુધારાઓથી પ્રતીત થાય છે તેનો પરિચય કેળવે. દા.ત., બંધારણીય કલમ 72 અને 74 માં પંચાયતી સુધારો.

(6) ભારતના નાગરિકને કયા મૂળભૂત અધિકારો મળ્યા છે તેમજ તેના રક્ષણ માટે શું જોગવાઈઓ કરવાની છે તેનાથી વિદ્યાર્થી વાકેફ બને, સાથોસાથ ફરજોના નિભાવવા માટે સભાનતા કેળવે છે.

(7) સરકારી તંત્રના અગત્યના અંગ સમાન ધારાસભાની રચના અને કાર્યોથી વાકેફ થાય છે.

(8) સરકારના નિર્ણયઘડતરના અંગ સમાન કરોબારી, વડા પ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિની ભૂમિકા, સ્થાન બાબતે વાકેફ થાય.

(9) સ્વતંત્ર ન્યાયતંત્ર એ લોકશાહીની ચકાસણીનો કસોટીનો પથ્થર છે. વર્તમાન પ્રવાહો, લોક અદાલત, નારી અદાલતના કાર્યોથી પરિચિત થાય.

(10) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જે લોકશાહીની તીસરી સરકાર જણાય છે તેના કાર્ય અને ભૂમિકાથી પરિચિત થાય.

## ધોરણ-11 : રાજ્યશાસ્ત્ર

## અભ્યાસક્રમ

### પ્રકરણ-1 : રાજ્યશાસ્ત્રનો ખ્યાલ

- પ્રસ્તાવના
- અર્થ અને ખ્યાલ
- રાજ્યશાસ્ત્ર અને રાજકારણ
- રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ
- રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ અને વ્યાપ
- રાજ્યશાસ્ત્ર અને અન્ય સામાજિક શાસ્ત્રો સાથેના સંબંધો જેમકે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, માનસશાસ્ત્ર, ઇતિહાસ વગેરે

### પ્રકરણ-2 : લોકશાહીનાં પાયાનાં મૂલ્યો

- **સ્વતંત્રતા :**
  - સ્વતંત્રતાની વ્યાખ્યા, અર્થ અને પ્રકારો
  - સ્વતંત્રતા શા માટે ?
  - સ્વતંત્રતાનો સામાજિક અને રાજકીય ખ્યાલ
  - સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ
- **સમાનતા :**
  - સમાનતાની વ્યાખ્યા, અર્થ અને પ્રકારો
  - સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ
- **સામાજિક ન્યાય :**
  - સામાજિક ન્યાય અને સમાનતા વચ્ચેનો સંબંધ
  - ભારતમાં સામાજિક ન્યાય

**પ્રકરણ-3 : રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા (ધર્મનિરપેક્ષતા)**

- બન્ને ખ્યાલોને એકસાથે, એક પ્રકરણમાં મૂકવા પાછળનો તર્ક ?
- રાષ્ટ્રવાદની વ્યાખ્યા - અર્થ
- રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેનો ભેદ
- નાગરિક પાસે રાષ્ટ્રની અપેક્ષાઓ
- ધર્મનિરપેક્ષતા અર્થ-વૈશ્વિક તેમજ ભારતીય પરિપ્રેક્ષ્યમાં
- ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર - અર્થ અને ખ્યાલ
- આધુનિક સમયમાં ધર્મનિરપેક્ષતા અનિવાર્યતા
- ભારતમાં ધર્મનિરપેક્ષતાના ખ્યાલની પ્રસ્તુતતા

**પ્રકરણ-4 : હક્ક અને નાગરિકતા**

- હક્કનો અર્થ, સંકલ્પના અને મહત્ત્વ
- (વ્યક્તિગત અને સામૂહિક અધિકાર વચ્ચે સંઘર્ષ, સંવાદિતા, રાજ્યની ભૂમિકા)
  સામૂહિક અધિકાર એટલે શું?
- નાગરિકતાનો અર્થ, સંકલ્પના અને ખ્યાલો :
  - રાજ્ય અને નાગરિકતા
  - નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?
  - વૈશ્વિક નાગરિકતા અને બેવડી નાગરિકતા

**પ્રકરણ-5 : ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા**

- ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય
- બંધારણ સભાની રચના - કામગીરી, વિવિધ સમિતિઓ
- નહેરુ રિપોર્ટ, 1928
- 1935નો પ્રાંતિય સ્વાયત્તતાનો કાયદો
- 1942 - ક્રિપ્સ દરખાસ્તો
- 1945 - કેબિનેટ મિશન
- બંધારણનાં લક્ષણો - જેમ કે, સૌથી મોટું બંધારણ, આમુખ ર. હકો, રાજનીતિના માર્ગદર્શિકા સિદ્ધાંતો સંઘ - રાજ્યસંબંધો, કટોકટીની સત્તાઓ વગેરે
- બંધારણ સુધારાની પ્રક્રિયા (સંક્ષિપ્ત)

**પ્રકરણ-6 : મૂળભૂત હક્કો અને ફરજો**

- અર્થ, મહત્ત્વ અને ઉપયોગિતા
- મૂળભૂત અધિકારો
- મૂળભૂત અધિકારોનું રક્ષણ
- મૂળભૂત ફરજો
- (આર્થિક સમાનતા અંતર્ગત મિલકતના અધિકારની નાબૂદી)
- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ?

## પ્રકરણ-7 : સરકારનાં અંગો

- ધારાસભાનાં કાર્યો અને મહત્ત્વ
- ધારાસભાના પ્રકાર
- ધારાસભા - કેન્દ્ર અને રાજ્યકક્ષાએ/કાયદાઘડતરની પ્રક્રિયા
- રાજ્યકક્ષાએ વિધાનસભા અને વિધાન પરિષદ, કેન્દ્ર કક્ષાએ લોકસભા, રાજ્યસભા

## પ્રકરણ-8 : કારોબારીની રચના, કાર્યો અને પ્રકારો

- રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ કારોબારી, મુખ્ય મંત્રી, વડા પ્રધાન, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલનું સ્થાન
- રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અને સ્થાન
- ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અને સ્થાન
- પ્રધાનમંડળની રચના, વડા પ્રધાનનાં કાર્યો

## પ્રકરણ-9 : રાજ્ય-કેન્દ્ર કક્ષાએ ન્યાયતંત્ર

- ન્યાયતંત્રની અગત્ય
- ભારતમાં વિશિષ્ટ પ્રકારનું ન્યાયતંત્ર
- સર્વોચ્ચ અદાલતની રચના, સત્તાઓ
- વડી અદાલતની રચના, સત્તાઓ
- લોકઅદાલત, ગ્રાહક સુરક્ષા, કાનૂની સેવા મંડળો, નારી અદાલતો

## પ્રકરણ-10 : સ્થાનિક કક્ષાએ સરકાર

- સ્થાનિક સંસ્થાઓનો જન્મ
- લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ
- સ્થાનિક સંસ્થાઓનો અર્થ, ખ્યાલ અને બંધારણીય વિકાસ
- સ્થાનિક સરકારની રચના, સમિતિઓ, માળખું અને કાર્યો, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત
- શહેરી સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ, રચના, કાર્યક્ષેત્ર, નગરપાલિકા, મહાનગરપાલિકા, તેમનાં કાર્યો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તીકરણ, સ્થાનિક

# ધોરણ – 12
# રાજ્યશાસ્ત્ર (023)
# અભ્યાસક્રમ સંરચના

* **હેતુઓ :**

- લોકશાહીના વાહકો રાજકીય પક્ષોનો ઉદ્દ્ભવ, સ્વરૂપ, સરકારમાં વિરોધપક્ષની અગત્ય, લોકમત, તેના પરિચિત થાય.
- લોકશાહીમાં ચૂંટણીનું આગવું અને અનેરું મહત્ત્વ છે. તેની ભૂમિકા, પુખ્તવય મતાધિકાર, ભાગીદારી, ચૂંટણી સુધારાની પ્રક્રિયા વગેરેથી સુપેરે પરિચિત થાય.
- ભારતીય લોકશાહી સામેના પડકારોથી વાકેફ થઈને તેની સુરક્ષા માટે પોતાનું યોગદાન આપવા માટે સક્ષમ બને તેમજ સંકીર્ણ ખ્યાલોમાંથી રાષ્ટ્રીય એકતા તરફના ખ્યાલો, મૂલ્યોનો વિકાસ થાય તે માટે જાણકારી મેળવવી.
- વિકાસ અને લોકશાહી પરસ્પર પૂરક છે. દેશના તમામ વર્ગોનો સર્વાંગી વિકાસ થાય તે સારુ પંચાયતથી પાર્લામેન્ટ સુધીના વિકાસતંત્રોથી માહિતગાર થાય.
- ભારત એ પરાપૂર્વથી શાંતિપ્રિય દેશ રહ્યો છે. તેને માટે શાન્તિ એ મૂળભૂત મૂલ્ય છે. વિકાસ માટે શાન્તિ એ પૂર્વશરત છે તેવી પ્રતીતિ થાય અને શાન્તિનો વિસ્તાર વિસ્તરે તે માટે વિદ્યાર્થીના મનોવલણ કેળવાય અને યુદ્ધને તિલાંજલિ આપતી માનસિકતા કેળવાય.
- ભારતની વિદેશનીતિ હંમેશાં ભાઈચારાની અને વિશ્વબંધુત્વ અને સહકારની રહેલી છે. ભારતે પોતાના પડોશી રાષ્ટ્રો સાથે હંમેશાં સંબંધો સમધારણ રાખ્યા છે. 'વસુધૈવ કુટુંબકમ્'ના મૂળભૂત મૂલ્યના જતન સારુ ભારતની ભૂમિકાથી પરિચિત થાય.
- વૈશ્વિક સંગઠનો જે વિશ્વને તાણાવાણા દ્વારા ગૂંથે છે તેમાં માનવહક્કોને અગ્રતા આપતી વિદેશનીતિ રહી છે. તેના જતન માટે વિદ્યાર્થી પરિચય મેળવી કટિબદ્ધ બને.
- ત્રીજું વિશ્વયુદ્ધ થયું નથી, કેમ કે યુ.એન. કાર્યરત છે. તેની રચના, હેતુ અને કાર્યશૈલીથી તેમજ ભારતની સકારાત્મક ભૂમિકાથી વિદ્યાર્થી પરિચય કેળવે અને વિશ્વ નાગરિકતા માટેની વિભાવના તેના માનસમાં ખીલે.
- પર્યાવરણના ભોગે વિકાસ નહીં, કુદરતી સંસાધનોનું માત્ર દોહન નહીં પણ જતનએ આજના વિશ્વનો ચિંતાજનક સવાલ છે. ઉપરોક્ત તમામ બાબતોથી પરિચય કેળવે તે વિદ્યાર્થી માટે આવશ્યક છે.

# ધોરણ - 12 : રાજ્યશાસ્ત્ર

## અભ્યાસક્રમ

**પ્રકરણ-1 : પક્ષપ્રથા, લોકમત અને હિતજૂથો**

- ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ
- મિશ્ર સરકાર : અર્થ, વ્યાખ્યા અને અનિવાર્યતા
- વિરોધપક્ષની ભૂમિકા
- લોકમતનું ઘડતર
- હિતજૂથો અને દાબજૂથો

**પ્રકરણ-2 : ભારતમાં ચૂંટણીઓ**

- ચૂંટણીનું મહત્ત્વ
- પુખ્તવય મતાધિકાર અને ચૂંટણીમાં ભાગીદારી
- ચૂંટણીપંચ અને ચૂંટણીની કાર્યવાહી
- ચૂંટણી સુધારા
- વિકાસ આધારિત રાજનીતિ, કાર્યદિખાવ આધારિત રાજનીતિ

**પ્રકરણ-3 : ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો**

- અસમાનતા : સામાજિક અને આર્થિક
- નિરક્ષરતા
- પ્રાદેશિક અસમતુલાઓ : પ્રદેશવાદ અને ભાષાવાદ
- કોમવાદ, જ્ઞાતિવાદ, અલગતાવાદ અને રાજકીય હિંસા, નકસલવાદ, આતંકવાદ

**પ્રકરણ-4 : વિકાસ અને લોકશાહી**

- સામાજિક - આર્થિક વિકાસ/ભારતમાં વિકાસ આયોજન : તંત્ર અને પ્રક્રિયાઓ
- જિલ્લા વિકાસ, એજન્સીઓની ભૂમિકા
- નબળા વર્ગો, સ્ત્રીઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનો વિકાસ

**પ્રકરણ-5 : શાંતિ અને વિકાસ**

- શાંતિ : અર્થ, વ્યાખ્યા અને વિભાવના
- અહિંસાના સંદર્ભમાં શાંતિનું મૂલ્ય
- યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા કઈ અનિવાર્ય શરતો છે ?
- શાંતિના સંદર્ભમાં નિઃશસ્ત્રીકરણ અને વૈશ્વિક શાંતિ
- વિકાસ એટલે શું ? તેનો અર્થ, વ્યાખ્યા
- સર્વગ્રાહી વિકાસનું આધુનિક મોડેલ
- વર્તમાન અને ભાવિ પેઢી વચ્ચે વિકાસના દાવાનું સંતુલન

**પ્રકરણ-6 : ભારત અને વિશ્વ**

- ભારતની વિદેશનીતિ : (A) વિદેશનીતિના નિર્ણાયકો (B) પાયાના સિદ્ધાંતો
- ભારત અને તેના પડોશીઓ - નેપાળ, શ્રીલંકા, ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન
- ભારતના અમેરિકા અને રશિયા સાથેના સંબંધો
- બિનજોડાણવાદી ચળવળમાં ભારતની ભૂમિકા
- ભારત અને સાર્ક દેશો
- બ્રિક્સ, યુરોપિયન યુનિયન, જી-20, જી-04
- મુખ્ય વૈશ્વિક સમસ્યા પરત્વે ભારતનો અભિગમ, માનવ હક્કો, નિઃશસ્ત્રીકરણ અને વૈશ્વિકીકરણ

**પ્રકરણ-7 : સંયુક્ત રાષ્ટ્રો**

- સ્થાપના માટેનાં જવાબદાર પરિબળો
- હેતુઓ
- પાયાના સિદ્ધાંતો
- યુ.એન નાં અંગો, રચના અને કાર્યો
- પડકારો અને સફળતા
- સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતની ભૂમિકા

**પ્રકરણ-8 : પર્યાવરણ અને વૈશ્વિક રાજકારણ**

- કુદરતી સંસાધનો
- પર્યાવરણીય આંદોલન (રાષ્ટ્રીય અને વૈશ્વિક)
- વૈશ્વિક રાજકારણ સામે કટોકટી - આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય